# પ્રાંતિજ ખાતે સાબરકાંઠા જિલ્લા ગૌસેવા સંઘ દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું

**જિલ્લામા વરસાદ ઓછો હોવાથી દુષ્કાળ જાહેર કરવા આવેદનપત્ર આપ્યું : ઘાસચારો મળી રહે તેવી વ્યવસ્થા કરવા માંગ : ગૌશાળાઓ, પાંજળા પોળો આર્થિક ભીંસમાં હોવાથી પશુધન બચાવવુ ખુબજ મુશ્કેલ**

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લા સહિત સમગ્ર ગુજરાત માં વરસાદ ઓછો પડતા હાલ દુષ્કાળ જેવી પરિસ્થિતિઓનુ નિર્માણ થતા ગૌશાળાઓ , પાંજળા પોળો માં પશુ ધાસ ચાળો મળી રહે તેવી વ્સ્થા કરવા અને જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરાને સાબરકાંઠા જિલ્લા ગૌસેવા સંધ દ્વારા આવેદનપત્ર આપવામા આવ્યુ હતુ. ચાલુ વર્ષે મેઘરાજાએ રીસામણા લેતા ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામા ઓછો વરસાદ નોંધાયો છે જેમા સાબરકાંઠા મા માત્ર સરેરાશ આઠ ઈંચ જેટલો વરસાદ નોંધાયો અને વરસાદ ના પડતા ખેતી સાથે પશુધાસ ચાળા ની અછત ઉભી થઈ છે અને ચોમાસુ સહિત નુ વાવેતર ઓછુ થતા ધાસ ચાળાનુ વાવેતર



ઓછુ થવાના કારણે રાજ્ય માં દુષ્કાળ ની પરિસ્થિતિઓ હોઈ ધાસ ચાળો મલતો બંધ થઈ ગયો છે અને ધાસચાળા ના ભાવ ખુબજ વધી જતા તેમજ ગૌશાળાઓ તથા પાંજળા પોળો આર્થિક ભીંસ માં હોવાથી પશુધન બચાવવુ ખુબજ મુશ્કેલ હોય અને પશુધન મોતના મુખ માં ધકેલાઈ જાય તેવી ભીતી સર્જાઈ રહી છે ત્યારે સરકાર દ્વારા ઝડપી સાબરકાંઠા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી ગૌશાળાઓ, પાંજરા પોળ ની વ્હારે આવે અને ગામડાઓમા અને શહેરોમાં રસ્તા ઉપર રખડતા તેમજ ભૂખથી પીડાતા પશુધન મોતના મુખ માં ના ધકેલાય તે પહેલા સરકાર દ્વારા કેટલીક જગ્યાએ કેમ્પ ખોલવામા માટે યોગ્ય વ્યવસ્થા કરવામા આવે તેવી માંગ સાથે પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા ને આવેદનપત્ર આપવામા આવ્યુ હતુ જેમા સાબરકાંઠા જિલ્લા ગૌસેવાસંધના અધ્યક્ષ મહંત સુનિલદાસજી મહારાજ , ઉપાધ્યક્ષ રાજુરામી , રાજુભાઈ શાહ, ધનશ્યામભાઈ ભાવસાર, વગેરે ભેગા થઈ ને પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે આવી ને પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા ને આવેદનપત્ર આપ્યુ હતુ.

# હિંમતનગર કોલેજમાં ગુજરાતી સાહિત્ય પરિષદે વ્યાખ્યાન માળા યોજી



બાયડ તા.૨૬

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત એસ.એસ. મહેતા આર્ટસ ઍન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ , હિંમતનગર અને ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ‘અનુસ્વારના નિયમો’ વિષય પર કે.બી.વ્યાસ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી. આ વિષય પરના નિષ્ણાત વક્તા તરીકે ગુજરાત કૉલેજ, અમદાવાદ અને આકાશવાણીનાં જાણીતાં ઉદ્‌ઘોષિકા ડૉ. નિયતિ અંતાણી ઉપસ્થિત રહી રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. ગુજરાત સાહિત્ય પરિષદના પ્રસાર મંત્રી ડૉ. ધ્વનિલ પારેખ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત કાર્યકારી આચાર્યશ્રી ડૉ. એ.પી. સોલંકીએ તથા શાબ્દિક પરિચય ડૉ. ડી.બી. પટેલિયા આપ્યો હતો. કાર્યક્રમની આભારવિધિ ડૉ. ઉત્પલ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. રુપા ભટ્ટે કર્યું હતું. કૉલેજના અધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



જય સુમિતકુમાર પંચાલ (સ્વામિનારાયણ સોસાયટી) બાયડ (ચિઠોડા)



અશોકસિંહ કે. રાઠોડ (પૂર્વ નાયબ શિક્ષણ નિયામક(માધ્યમિક)કમિશ્નર શાળાઓની કચેરી-ગાંધીનગર) ગાંધીનગર



યશ પટેલ બાયડ, જિ.અરવલ્લી



ડૉ. વિરલ ડી. ઠેકડી (કેશવ હોસ્પિટલ મેટરનીટી એન્ડ નર્સિંગ હોમ-વડોદરા) મોડાસા(વડોદરા)



મંતવ્ય કરણકુમાર ચૌધરી (વ્રજગાર્ડન સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી

રક્તદાન મહાદાન

# માઉન્ટ આબુમાં ફરવા આવેલા પરિવારે ટોલનાકા પર કર્મીઓ સાથે હાથાપાઈ કરી..!!

**ટોલ કર્મીઓએ માઉન્ટઆબુ પોલીસ સ્ટેશનમાં હુમલાની ફરિયાદ નોંધાવી : જૂનાગઢ મહેસાણા રાજકોટના પ્રવાસીઓ સવારે પ્રેસ લખેલી કાર લઈને પ્રવેશતી વખતે બાખડયા**

પાલનપુર, તા. ૨૬

ગુજરાતી સાહેલાણીઓથી હર્યા ભર્યા રહેતા માઉન્ટ આબુમાં ગુજરાતી પરિવારે ટોલબુથ પર હંગામો મચાવી પાલિકાના ટોલ બુથની કામગીરીમાં વિક્ષેપ ઉભો કર્યો હતો. પ્રેસ લખેલી ગાડી લઈને માઉન્ટ આબુમાં પ્રવેશેલા પરિવારનો કોઈક બાબતે બોલાચાલી બાદ મામલો બીચકયો હતો. જૂનાગઢ મહેસાણા રાજકોટના સહેલાણીઓ સવારે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ ટોલ નાકા



પર આવ્યા ત્યારે આ ઘટના બની હતી. ફરજનપરના સ્ટાફે જણાવ્યું હતું કે ‘ આ લોકોએ કર્મચારીઓ સાથે ટિકિટ અંગે બોલાબાલી શરૂ કરી હતી. જે બાદ પરિવારના સ્ત્રી પુરુષ સભ્યો ગાડીમાંથી બહાર નીકળ્યા હતા અને સ્ટાફ સાથે ઝઘડો કરી આક્રમક તેવર દર્શાવ્યા હતા. આ બનાવ દરમિયાન પુરુષ સભ્યો પણ ઉશ્કેરાયેલા જોવા મળ્યા હતા અને તેમણે ટોલ કર્મી સાથે ઝપાઝપી કરી હતી. આ ઘટનાની તમામ વિડીયોગ્રાફી ફરજપરના કેટલાક કર્મીઓએ સોશિયલ મીડિયામાં વાઈરલ કરતા ફરજપરની પોલીસ પણ ઘટના સ્થળે આવી ગઈ હતી. માઉન્ટ આબુ પોલીસના દેવેન્દ્ર સિંહે ઘટનાસ્થળે પહોંચીને હુમલો કરનાર ચાર પુરૂષો અને ત્રણ મહિલાઓને શાંતિ ભંગ કરવાના આરોપસર અટકાયતી પગલાં લીધા હતા. નગરપાલિકાના કર્મચારીઓએ સમગ્ર બાબત અંગે માઉન્ટ આબુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે.

# ધનસુરામાં મહિલાઓ દ્વારા બોળ ચોથની ઉજવણી

ધનસુરામાં બોળ ચોથની ઉજવણી કરવામાં આવી શ્રાવણ માસમાં બોળ ચોથનો તહેવાર ઉજવાય છે આ દીવસે મહિલાઓ વ્રત કરે છે આ દીવસે સમારેલું શાક નહિ ખાવાનું અને ઘઉં ની વાનગી નહિ ખાવાની તેવી માન્યતા છે બોળ ચોથના દીવસે મહિલાઓ એ કોઈ વસ્તુને દળવી કે ખાંડવી નહિ સાથે આ દીવસે કંકુ, ચોખા અને ફૂલના હારથી ગાય વાછરડાનું પુજન કરવાનો મહિમા



છે ધનસુરામાં મહિલાઓ એ ગાય-વાછરડાનું પુજન કર્યું હતું અને બોળ ચોથના તહેવારની ઉજવણી કરી હતી.

# હિંમતનગર લૉ કોલેજમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી



બાયડ તા.૨૬

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લો કોલેજ હિંમતનગર ખાતે તારીખ ૨૪.૦૮.૨૦૨૧ ને મંગળવારના રોજ ‘સંસ્કૃત સપ્તાહ’ ઉજવણીના ભાગરૂપે સંસ્કૃતના શ્લોકોનું પઠન અને લેખન ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ કાર્યક્રમના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડો. વૈદેહીબેન સી. પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા વિશે માહિતગાર કર્યા અને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.બિનલ બેન એસ. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને કોલેજમાં આયોજિત થતાં વિવિધ કાર્યક્રમોમાં રસપૂર્ણ ભાગ લે અને બધી પ્રવૃત્તિઓમાં જોડાય અને વિદ્યાર્થીઓની સમગ્ર શક્તિઓ ખીલે એવો પ્રયાસ કરવા કહેવામાં આવ્યું. ઉપરોક્ત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, નેક કોર્ડીનેટર ડો. જયપ્રકાશ પી. જાની તેમજ ડો.પારસ જોશી તથા સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાનકીબેન રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજના તાજપુર ખાતેથી ચાર શકુનિઓ ઝડપાયા

**ફુલ-૬૩૦૦ના મુદામાલ સાથે અટકાયત : પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના તાજપુર ગામની સીમમાંથી જુગાર રમતા ચાર શકુનિઓને પ્રાંતિજ પોલીસે રૂપિયા-૬૩૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા. પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ના તાજપુર બાજુ પેટ્રોલીંગ માં હતી તે સમયે તાજપુર ગામે જતા ખાનગી રાહે બાતમી મળી કે તાજપુર ગામની સીમ મા આવેલ હાઈસ્કુલ પાછળ ખુલ્લી જગ્યામા ચાર માણસો ભેગા મળી પૈસા પાના વડે તીન પતીનો હારજીત નો જુગાર રમે છે તેવી હકીકત મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા તાત્કાલિક સ્થળ ઉપર જઈ તપાસ કરતા પોલીસને જોઈને ચારેય જણા ભાગવા જતા પ્રાંતિજ પોલીસે ચારેય ઈસમો ને ઝડપી પાડયા હતા જેમા જગાજી નેમાજી ઠાકોર ઉ.વર્ષ -૩૨, રમેશજી સવસીજી ઠાકોર ઉ.વર્ષ-૪૯ , અશોકભાઈ નેપુજી ઠાકોર ઉ.વર્ષ-૨૭, કાન્તીજી ડાહ્યાજી ઠાકોર ઉ.વર્ષ-૫૪ તમામે-તમામ રહે . તાજપુર હાઈસ્કુલ પાછળ, તાજપુર, જિલ્લો સાબરકાંઠા તો ચારેય ઈસમો ને પ્રાંતિજ પોલીસે ગંજીપાના દાવની રકમ-૧૩૦૦ તથા ચારેય પાસેથી અંગ જડતી માંથી મળેલ રકમ-૫૦૦૦ મળી કુલ - રૂપિયા ૬૩૦૦ ના મુદામાલ સાથે પકડી પાડયા હતા અને જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનોનોધી ચારેય ઈસમો સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘની સાધારણ સભા યોજાઈ

**પ્રમુખ, મંત્રી સહિતના હોદેદારોની વરણી કરવામા આવી : પ્રમુખ તરીકે વિઠ્ઠલભાઈ ભગવાનભાઈ પટેલની વરણી : પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે મીટીંગ યોજાઈ**




પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંધની સાધારણ સભા પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે યોજાઈ હતી જેમા પ્રમુખ, મંત્રી સહિતની વરણી કરવામા આવી હતી.

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ માર્કેટયાર્ડ ખાતે ૨૮ા૮ા૨૦૨૧ ને ગુરૂવારના રોજ ભારતીય કિસાન સંધ પ્રાંતિજ તાલુકા સમિતિની સાધારણ સભા યોજાઈ હતી જેમા જિલ્લા પ્રમુખ, તાલુકા પ્રમુખ, મંત્રી સહિત મોટી સંખ્યામા સભ્યો ખેડુતો હાજર રહ્યા હતા તો નવી કારોબારીની સહિત પ્રમુખ, મંત્રી સહિત હોદેદારોની રચના કરવામા આવી હતી જેમા તાલુકા પ્રમુખ તરીકે વિઠ્ઠલભાઈ ભગવાનભાઈ પટેલ પલ્લાચર તથા મંત્રી તરીકે રમણભાઈ સવગણ ભાઈ પટેલ તખતગઢ, કોષાધ્યક્ષ નરસિંહ ભાઈ મગનભાઈ પટેલ નવાબાકલપુર તથા યુવાન સક્રિય ખેડુત આગેવાન વિનયભાઈ પટેલ લીમલા વાળા સહિત હોદેદારો ની સર્વાનુમતે નિમણૂક કરવામા આવી હતી.



# પવિત્ર શ્રાવણ માસે ગાંભોઈ પંથકના શિવાલયો ગુંજી ઉઠયા

રાયગઢ, તા.૨૬

હિંમતનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પવિત્ર શ્રાવણ માસે શિવ મંદિરોમાં પૂજન-અર્ચન કરવા શ્રદ્ધાળુ ભક્તોની ભીડ જામી રહી છે. શિવ મંદિરોમાં ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠયા છે. ગાંભોઈ પંથકના રૂપાલના છત્રીસા તળાવ કાંઠે છત્રેશ્વર મહાદેવ, ગાંભોઇ કરણપુરના કરણેશ્વર શિવમંદિર, હાથરોલ પાસે લીલી વનરાજી વચ્ચે ઘેરાયેલું ચૌમુખ મહાદેવ મંદિર, કંટાળેશ્વર મહાદેવ બેરણા, રાયગઢમાં વૈજનાથ શિવ મંદિર તેમજ ખેડ, સુરજપુરા, પીપલીયા, નિકોડા, પેઢમાલા, મહાદેવપુરા વગેરે ગામોના શિવાલયોમાં હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયા છે. શ્રદ્ધાળુ ભક્તો દ્વારા બિલીપત્રો ચઢાવી શિવ મંદિરોમાં જળાભિષેક, રુદ્રાભિષેક તેમજ શિવ મહિમાનો પાઠ કરાવી ગંગાધરના પવિત્ર દર્શન કરી ઓમ નમઃ શિવાયના નાદ સાથે શ્રદ્ધાળુ ભક્તો પૂજન-અર્ચન કરી રહ્યા છે. આ પવિત્ર શ્રાવણ નિમિત્તે વિવિધ ગ્રામ્ય શિવમંદિરોમાં ભજન-



કિર્તન, આખ્યાન, યજ્ઞ જેવા ધાર્મિક કાર્યક્રમોનું શ્રદ્ધાળુ ભક્તો દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે.

# પ્રાંતિજના મત્સ્યોદ્યોગ કેન્દ્રમાં વિવિધ પ્રકારની માછલીઓનો ઉછેર

**ઉછેર કરવામા આવેલ રંગીન માછલીઓ અમદાવાદ કાંકરીયા, ગાંધીનગર મોકલવામા આવે છે : સાબરકાંઠા જિલ્લાના જુદાજુદા જલાશયો આદિવાસી બીન આદિવાસીઓ વિસ્તારોમાં છોડવામા આવે છેઃ ચાલુ વર્ષે રંગીન માછલીઓનુ અંદાજીત ૩૦ હજાર નંગ જેટલુ પ્રોડકશન થયુ છે : ૭૮ લાખ ઈન્ડિયન મેજર કાર્ય, કતલા, રોહૂ ઉછેર માટે મુકેલ છે**

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ મત્સ્યોદ્યોગ



ખાતે આ વર્ષે મીઠા પાણી ની માછલીઓનો ૭૮ લાખ ઉછેર કરવામા આવ્યો છે તો ચાલુ સાલે ૩૦ હજાર જેટલી રંગીન માછલીઓનુ પ્રોડકશન થયુ છે જેમાથી ૧૦ હજાર નંગ ગપ્પી માછલીઓ પ્રાંતિજ આરોગ્ય કેન્દ્ર ખાતે મેલેરીયા કન્ટ્રોલ માટે સપ્લાય કરવામા આવેલ છે.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના માર્કડેશ્વર મહાદેવ મંદિર બોખ પાસે આવેલ મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષક (સી)ની કચેરી મત્સ્યોદ્યોગ ખાતુ ગુજરાત રાજ્ય દ્વારા ચાલુ સાલે વિવિધ માછલીઓનુ ઉત્પાદન કરવામા આવ્યુ છે જેમા મીઠા પાણીની માછલીઓ સહિત રંગીન માછલીઓનુ પણ ઉત્પાદન કરવામા આવેલ છે જેમા આવર્ષે મીઠા પાણી ની ઈન્ડિયન મેજર કાર્ય, કતલા, રોહૂ ૭૮ લાખ ઉછેર માટે મુકેલ છે જે કામગીરી હાલ પ્રગતિમા છે. જેમા રંગીન માછલીઓ જેવીકે ગોલ્ડ ફિસ , પોઈ તારક, એન્જલસ ફિસ, ફલાવર ઓન, બર્ફી, મ ાે લી , પ્લેટીન, જેવી જુદીજુદી વેરાયટીઓનો માછલીઓનો ભીડીંગ ઉછેર કરવામા આવે છે રંગીન માછલીઓ અમદાવાદ ખાતે માછલીઘર મત્સ્યોદ્યોગ ખાતાનુ કાંકરીયા ખાતે માછલી ધરોમાં અને ગાંધીનગર ખાતે મોકલવામા આવે છે તો કતલા, રોંહૂ પીગલીંગ સ્ટેજનો ઉછેર થયેલ સાબરકાંઠા જિલ્લાના જુદાજુદા જળાશયો માં આદિવાસી અને બીન આદિવાસી વિસ્તારોમાં રહેલ જળાશયો માં સ્ટોકીંગ કરવામા આવે છે રંગીન માછલીઓનુ ચાલુ વર્ષે અંદાજીત ૩૦ હજાર નંગ જેટલુ પ્રોડકશન થયેલ છે જે પૈકી દશ હજાર નંગ ગપ્પી માછલીઓ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેલેરીયા, કન્ટ્રોલ માટે સપ્લાય કરવામા આવી છે ગપ્પી માછલીઓ મેલેરીયા ના પોળાઓને ખાઈ જતી હોવાથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં સપ્લાય કરવામા આવેલ છે તો પ્રાંતિજ ખાતે એક વોચમેન નીજ જગ્યા ભરેલ છે અને અન્ય બે જગ્યાઓ ખાલી છે તાતરીક સર્વગ ની બે જગ્યાઓ ખાલી છે જેમા મદદનીશ મત્સ્યોદ્યોગ સિનિયર અને મત્સ્ય પાલક (ફીલ્ડમેન) હાલતો ચોકીદાર દ્વારા બન્ને જગ્યાએ આ કામગીરી હાથ ધરવામા આવી રહી છે.

